# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૨૮/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે વિશ્વમાં હિન્દુસ્તાનનો ડંકો વગાડી રહ્યા છે : કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમ રૂપાલાજી.**
- **હિન્દુસ્તાનની રાજનીતિને પાટે ચઢાવવાનું કામ ગુજરાતની જનતાએ કર્યુ છે.**
- **વીજળીના તારને હાથ લગાવો તો ખબર પડશે કે વિકાસ કેટલો ગાંડો થયો છે ? કેન્દ્રિય મંત્રી શ્રી રૂપાલાજી.**
- **નર્મદા યોજના મુદ્દે ખોટું બોલનારા કોંગ્રેસના નેતાઓને આડે હાથો લેતા કેન્દ્રિય મંત્રી શ્રી રૂપાલાજી.**
- **હિન્દુસ્તાનના ઈતિહાસમાં ટેકાના સૌથી વધુ ભાવ ગુજરાત સરકારે આપ્યા છે.**
- **૧૮૨ મેન્ડેટ ન આપી શકનારી કોંગ્રેસ 'કોંગ્રેસ આવે છે' ના નારા લગાડી રહી છે.**
- **"અફઝલ હમ શર્મિન્દા હૈ તેરે કાતિલ જિંદા હૈ"ના નારા લગાડનારાને સમર્થન આપનાર રાહુલ ગાંધીને ગુજરાત ક્યારેય સમર્થન નહિં આપે : કેન્દ્રિય મંત્રી શ્રી રૂપાલાજી.**

- **સુરતની સૂરત બદલવાનું કામ ભા.જ.પા. સરકારે કર્યુ છે.**
- **ખેડૂતોને વગર વ્યાજની લોન એ ભા.જ.પા. સરકારની દેન છે.**
- **ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનામાં રોડા નાંખવાનું પાપ કરનારી કોંગ્રેસને ગુજરાતની જનતા ક્યારેય માફ નહીં કરે.**
- **કામરેજ વિધાનસભામાં કોંગ્રેસના માજી સરચંપ, ડેપ્યુટી સરપંચ, માલધારી સમાજ, બારડ સમાજના ૫૦૦થી વધુ લોકો ભા.જ.પા.માં જોડાયા.**
- **ઓલપાડ, કામરેજ અને વરાછામાં કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમ રૂપાલાજીનો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર : મોટી સંખ્યામાં જનમદેનની ઉમટી પડી.**

આગામી વિધાનસભાની ચૂંટણીના પ્રચાર–પ્રસાર અર્થે સુરત ખાતે પધારેલા કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમ રૂપાલાજીએ આજે ઓલપાડ, કામરેજ અને વરાછામાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો.

કામરેજ અને વરાછા વિધાનસભામાં ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરતા કેન્દ્રિય મંત્રી શ્રી રૂપાલાજીએ જણાવ્યું કે હિન્દુસ્તાનની રાજનીતિને પાટા પર ચઢાવવાનું કામ ગુજરાતની જનતાએ કર્યુ છે. ગુજરાતની જનતાએ ત્રણ–ત્રણ વાર નરેન્દ્રભાઈને ગુજરાતની જવાબદારી સોંપી તેના કારણે ગુજરાતનો વિકાસ થયો. ગુજરાતની જેમ જ દેશનો વિકાસ થાય તે માટે જનતાએ નરેન્દ્રભાઈને દેશની જવાબદારી સોંપી. સમગ્ર દેશ અને દુનિયાને ગુજરાતનો વિકાસ દેખાઈ રહ્યો છે. પરંતુ આ કોંગ્રેસીયાઓને ગુજરાતનો વિકાસ દેખાતો નથી. આ કોંગ્રેસીયાઓને વિકાસ ગાંડો લાગે છે. જેમને વિકાસ ગાંડો લાગતો હોય તેઓ વીજળીના તારને હાથ અડાડી જુએ તો ખબર પડશે કે વિકાસ કઈ રીતે ગાંડો થયો છે.

ગુજરાત એ મીની ભારત છે. આખા દેશના લોકો અહીં ધંધો રોજગાર કરવા આવે છે અને આ કોંગ્રેસના લોકોને અહીં બેરોજગારી દેખાય છે. આરોગ્ય, શિક્ષણ, દેવદૂત સમાન ૧૦૮ સેવા એ તમામ ભા.જ.પા. સરકારની દેન છે.

વધુમાં ખેડૂત વિરોધી કોંગ્રેસને આડે હાથ લેતા કેન્દ્રિય મંત્રી શ્રી રૂપાલાજીએ જણાવ્યું કે કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને ૧૮ ટકાના ઉંચા વ્યાજ દરે ધિરાણ લેવું પડતું હતું. ઉંચા ધિરાણના કારણે પાયમાલ થઈ જનારા ખેડૂતોને છેવટે આત્મહત્યા કરવી પડતી હતી. પરંતુ ભા.જ.પા.ના શાસનમાં ખેડૂતોને વગર વ્યાજની લોન મળી રહી છે. ભા.જ.પા.ના શાસનમાં ખેડૂતો વધુ સમૃદ્ધ

બન્યા છે. હિન્દુસ્તાનના ઈતિહાસમાં ટેકાના સૌથી વધુ ભાવ ગુજરાત સરકારે આપ્યા છે. ગયા વર્ષે સરકારે ૨ લાખ ટન મગફળી અને ૧.૭૫ લાખ ટન તુવેરની ટેકાના ભાવથી ખરીદી કરી હતી. ખેડૂતો માટે કેન્દ્ર સરકારે ગુજરાતને રૂપિયા ૨૦૦૦ કરોડની બજેટની ફાળવણી કરી હતી. આ વર્ષે પણ સરકાર ટેકાના ભાવથી મગફળી અને તુવેરની ખરીદી કરી રહી છે. હાલમાં ૧૫૦ જગ્યાએ આ કામ ચાલી રહ્યું છે. કોંગ્રેસ કયા મોઢે ખેડૂતોની વાતો કરે છે તે જ સમજાતું નથી ? તેવા પ્રશ્ન સાથે વધુમાં શ્રી રૂપાલાજીએ જણાવ્યું કે નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી સમાન છે. ૫૬–૫૬ વર્ષ સુધી કોંગ્રેસે આ યોજના પુરી ન થાય તે માટે અનેક ધમપછાડા કર્યા હતા. ગુજરાતના તમામ સાંસદોએ અડવાણીજીની આગેવાનીમાં અનેક વખત તત્કાલિન પ્રધાન મંત્રી શ્રી મનમોહનસિંહજીને આવેદનપત્ર આપ્યું હતું. તેમ છતાંય ૧૦, જનપથના ઈશારે ચાલતું પ્રધાનમંત્રી કાર્યાલય આ બાબતે કોઈ નિર્ણય લઈ શક્યું ન હતું. નર્મદા યોજના માટે તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ GMDC ના ગ્રાઉન્ડમાં ૭૨–૭૨ કલાકના ઉપવાસ કરવા પડયા હતા.

કોંગ્રેસ આવે છેનું ગાણું ગાનારા કોંગ્રેસી નેતાઓને આડે હાથ લેતા શ્રી રૂપાલાજીએ જણાવ્યું કે ૧૮૨ મેન્ડેટ ન આપી શકનારી કોંગ્રેસ કયા મોઢે બોલે છે કે કોંગ્રેસ આવે છે. કોંગ્રેસ પહેલા પોતાના ઉમેદવારોને સરખી રીતે મેન્ડેટ આપે અને પછી ચૂંટણીના મેદાનમાં આવે.

આતંકી સમર્થિત અને સમર્પિત પાર્ટી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ઝાટકણી કાઢતા વધુમાં શ્રી રૂપાલાજીએ જણાવ્યું કે 'અફઝલ હમ શર્મિન્દા હૈ તેરે કાતિલ જિંદા હૈ'ના નારા લગાડનારા દેશદ્રોહીના સમર્થનમાં કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી દોડી ગયા હતા. આવા દેશ વિરોધીઓને સમર્થન આપનારા રાહુલ ગાંધીને શું ગુજરાતની જનતા ક્યારેય સમર્થન આપે ખરી ? દેશદ્રોહીઓ, દેશ વિરોધીઓનું ગુજરાતમાં કોઈ સ્થાન નથી. સર્જીકલ સ્ટ્રાઈક બાબતે સવાલ ઉભા કરનારી કોંગ્રેસના શાસનમાં કાશ્મીરમાં દરરોજ આપણા જવાનો શહિદ થતા હતા પરંતુ ૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા બાદ કાશ્મીરની પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હવે દરરોજ આતંકીઓને ઠાર મરાયા તેવા સમાચાર આવે છે. આ તાકાત છે મોદી સરકારની. દેશના જવાનો તો એના એ જ છે પરંતુ મોદી સરકારની રાજકીય ઈચ્છાશક્તિના પગલે આજે કાશ્મીર સમસ્યા હલ થઈ છે.

કામરેજ વિધાનસભામાં કોંગ્રેસના માજી સરચંપ, ડેપ્યુટી સરપંચ, માલધારી સમાજ, બારડ સમાજના ૫૦૦થી વધુ લોકો ભા.જ.પા.માં જોડાયા.